ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# સ્પોર્ટ્સ લાઇન

## લાહોર હાઈકોર્ટે NCCIAની નોટિસને પડકારતી રિઝવાનની અરજી ફગાવી

**રિઝવાનને** અપાયેલી નોટિસ ઓનલાઇન સટ્ટાબાજી અને જુગારની તપાસ સંબંધિત હોવાનો ખુલાસો

**રિઝવાન** અને ઇમામ પાસેથી લેવાયેલા મોબાઇલ ફોનનું ફોરેન્સિક પરીક્ષણ કરી રહેલું NCCIA

**કોર્ટે** અરજી ફગાવ્યા બાદ રિઝવાન અને ઇમામ સામે શિસ્ત ભંગના પગલાં અંગે PCB નિર્ણય લેશે

લાહોર, તા. 17 (PTI) : નેશનલ સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NCCIA) દ્વારા પાઠવવામાં આવેલી નોટિસને પડકારતી વિકેટકીપર બેટ્સમેન મહંમદ રિઝવાનની અરજીને લાહોર હાઈકોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટને કહેવામાં આવ્યું હતું કે NCCIA નોટિસ ઓનલાઈન સટ્ટાબાજી અને જુગારની તપાસ સાથે સંબંધિત છે.

ગુરુવારની સુનાવણી દરમિયાન, લાહોર હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આલિયા નીલમે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ રિઝવાનની અરજી ફગાવી દીધી હતી. રિઝવાન તરફથી રજૂ થયેલા એડવોકેટ કાઝી ઉમૈર અલીએ કોર્ટને જણાવ્યું હતું કે તેમના અસીલને નોટિસ આપવામાં આવી હતી. ચીફ જસ્ટિસ નીલમે ટિપ્પણી કરી હતી, તમારે જઈને નોટિસનો જવાબ આપવો જોઈએ. તમને કઈ તારીખે નોટિસ આપવામાં આવી હતી?

રિઝવાનના વકીલે દલીલ કરી હતી કે ક્રિકેટરોને ભ્રષ્ટાચારથી બચાવવા માટે આઈસીસીની એન્ટી-કરપ્શન યુનિટ યોગ્ય મંચ છે, અને અરજદાર સામેનો મામલો આઈસીસી એન્ટી-કરપ્શન યુનિટને મોકલવામાં આવ્યો ન હતો. આ ઘટનાક્રમથી માહિતગાર એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું હતું કે NCCIA હાલમાં રિઝવાન અને ઈમામ પાસેથી લેવાયેલા મોબાઈલ ફોનનું ફોરેન્સિક પરીક્ષણ કરી રહ્યું છે અને આવતા સપ્તાહ સુધીમાં તેનો રિપોર્ટ PCBને સુપ્રત કરશે. આ અરજી ફગાવાયા પછી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) સિનિયર ખેલાડીઓ રિઝવાન અને ઈમામ-ઉલ-હક સામે શિસ્તભંગના પગલાં લેવા કે નહીં તે અંગે નિર્ણય કરશે.

## એશિયન ગેમ્સ મહિલા ક્રિકેટ : બાંગ્લાદેશ રમ્યા વિના સેમીમાં

**ચીન** સામેની મેચ ભીના આઉટફિલ્ડને કારણે રદ થતાં બાંગ્લાદેશ અંતિમ ચારમાં પહોંચ્યું

**પાકિસ્તાન** મહિલા ટીમે થાઇલેન્ડ સામે જીત મેળવવા માટે પરસેવો પાડવો પડ્યો

નાગોયા, તા. 17 (પીટીઆઇ) : બાંગ્લાદેશની મહિલા ક્રિકેટ ટીમ મેદાનમાં ઉતર્યા વિના પણ એશિયન ગેમ્સની સેમી ફાઇનલમાં પહોંચી ગઈ, જ્યારે પાકિસ્તાનને થાઇલેન્ડ જેવી નબળી ટીમ સામે જીત મેળવવા માટે ઘણો પરસેવો પાડવો પડ્યો હતો.

ગુરુવારે ચીન સામેની ક્વાર્ટર ફાઇનલ મેચ ભીના આઉટફિલ્ડને કારણે રદ થઇ ગયા બાદ બાંગ્લાદેશ ઉચ્ચ આંતરરાષ્ટ્રીય રેન્કિંગને કારણે અંતિમ ચારમાં પહોંચ્યું. આઈચી પ્રીફેક્ચરના સુંદર નિશિન શહેરના કરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે યોજાનારી આ ટી-20 મેચમાં ટોસ પણ થઈ શક્યો નહીં. ટી-20 રેન્કિંગમાં બાંગ્લાદેશ 10મા અને ચીન 36મા ક્રમે છે. દરમિયાન, 92 રનના લક્ષ્યાંકનો પીછો કરતા પાકિસ્તાને ત્રણ વિકેટે વિજય મેળવ્યો. વરસાદને કારણે મેચ ઓછી ઓવરની કરવામાં આવી હતી. શુક્રવારે ભારત અને જાપાન વચ્ચેની ક્વાર્ટર ફાઇનલના વિજેતા સામે બાંગ્લાદેશ 20 સપ્ટેમ્બરે સેમી ફાઇનલ રમશે. જ્યારે શુક્રવારે શ્રીલંકા અને મલેશિયા વચ્ચેના મેચના વિજેતા સામે પાકિસ્તાન રમશે.

## મેસીનો ઈન્ટર મિયામી માટે 100મો ગોલ : મિયામીએ ચેમ્પિયન્સ કપ જીત્યો

**મેસીએ** ઇન્ટર મિયામી સાથે ચાર ટ્રોફી જીતી અને કેરિયરમાં ટ્રોફીનો આંકડો 49 પર પહોંચાડ્યો



મિયામી, તા. 17 (AP) : લિયોનેલ મેસીએ તેની ઈન્ટર મિયામી સાથેની કેરિયરનો 100મો ગોલ નોંધાવ્યો અને કેસેમિરોએ બીજો ગોલનો ઉમેરો કરતાં મિયામીએ ક્રુઝ એઝુલને 2-0થી હરાવીને ચેમ્પિયન્સ કપ જીતી લીધો હતો. આ સાથે જ 2023માં દક્ષિણ ફ્લોરિડામાં મેસીના આગમન પછી ઈન્ટર મિયામીએ ચાર ટ્રોફી જીતી લીધી છે, જેનાથી મેસીની કેરિયરની કુલ ટ્રોફીનો આંક 49 પર પહોંચ્યો છે.

મેસીએ 24મી મિનિટે લુઈસ સુઆરેઝના ક્રોસ પર હેડર વડે ગોલ કરીને ખાતું ખોલ્યું હતું. મિયામી વતી તમામ સ્પર્ધાઓમાં રમતા 115મી મેચમાં આ તેનો 100મો ગોલ હતો. આ મહત્વપૂર્ણ સિદ્ધિ એ જ ક્લબ સામે આવી છે જેની સામે મેસીએ ઈન્ટર મિયામી માટે પોતાનો પહેલો ગોલ કર્યો હતો. જુલાઈ 2023માં પોતાના મિયામી ડેબ્યૂમાં તેણે સ્ટોપેજ-ટાઈમમાં ફ્રી કિક પર ગોલ કરીને ક્રુઝ એઝુલને 2-1થી હરાવ્યું હતું. કેસેમિરોએ 81મી મિનિટે મેસીના કોર્નર પાસ પર હેડર વડે ગોલ કરીને સ્કોર 2-0 કર્યો હતો.

આ વિજય સાથે મેસીના આગમનના ત્રણ વર્ષમાં ઈન્ટર મિયામીના નામે વધુ એક ટ્રોફી ઉમેરાઈ છે. આ પહેલા મિયામીએ 2023માં લીગ્સ કપ, 2024માં સપોર્ટર્સ શીલ્ડ અને 2025માં એમએલએસ કપ જીત્યો હતો.

## પૃથ્વી શો અને મંગેતર આકૃતિ અગ્રવાલ સગાઈના છ મહિના પછી અલગ થયા

**આકૃતિએ** ઇન્સ્ટા પોસ્ટ દ્વારા બંનેના અલગ થવાની જાહેરાત કરવા સાથે લોકોને વધુ અટકળો ન કરવાની વિનંતી પણ કરી



મુંબઈ, તા. 17 : ભારતીય ક્રિકેટર પૃથ્વી શો અને તેની મંગેતર આકૃતિ અગ્રવાલે સગાઈની જાહેરાત કર્યાના લગભગ છ મહિના પછી અલગ થવાનો નિર્ણય લીધો છે. આકૃતિએ ગુરુવાર, 17 સપ્ટેમ્બરના રોજ અલગ થવાની પુષ્ટિ કરતા કહ્યું કે આ નિર્ણય પરસ્પર હતો અને તેમને ખ્યાલ આવ્યો કે તેમના ભવિષ્ય માટે તેમના લક્ષ્યો અને સંજોગો અલગ છે.

પૃથ્વી કે આકૃતિએ તેમના નિર્ણય વિશે વધુ વિગતો જાહેર કરી નથી, આકૃતિએ ખાસ કરીને લોકોને અટકળો ટાળવા વિનંતી કરી છે. આકૃતિએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે ભારે હૃદયથી, હું શેર કરવા માંગુ છું કે મેં અને મારા મંગેતરે અમારા ભવિષ્ય માટેના જુદા જુદા ધ્યેયો અને પરિસ્થિતિઓને કારણે અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે એકબીજાને જેટલો પ્રેમ કરીએ છીએ અને કાળજી રાખીએ છીએ, તેટલું જ અમે સ્વીકારી લીધું છે કે અમારા રસ્તાઓ સાથે રહેવા માટે નથી. અમારી જવાબદારીઓ અને હાલમાં અમે જે પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છીએ, તેનાથી અમે પરસ્પર અલગ થવાનો નિર્ણય લીધો છે.

## ઈંગ્લિશ લીગ કપ : માન્ચેસ્ટર યુનાઈટેડ બ્રાઈટન સામે હારીને આઉટ



માન્ચેસ્ટર, તા. 17 : ઈંગ્લિશ લીગ કપમાં, માન્ચેસ્ટર યુનાઈટેડ બે ગોલની લીડ મેળવ્યા બાદ પણ બ્રાઈટન સામે 3-2થી હારીને ત્રીજા રાઉન્ડમાંથી બહાર થઈ ગયું હતું.

માન્ચેસ્ટર યુનાઈટેડને સીઝનની ત્રીજી અને રવિવારે માન્ચેસ્ટર સિટી સામેની હાર બાદ સતત બીજી હારનો સામનો કરવો પડતા ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે હોબાળો મચ્યો હતો. શિયા લેસી અને મેસન માઉન્ટના ગોલની મદદથી યુનાઈટેડ 10 મિનિટ પછી 2-0થી આગળ હતું. પરંતુ બ્રાઈટને વાપસી કરી હતી, જેમાં હાફ-ટાઈમ પહેલા ચારાલમ્પોસ કોસ્ટુલાસે એક ગોલ કર્યો હતો, અને હાફ-ટાઈમ પછી પાસ્કલ ગ્રોસ તથા મેક્સિમ ડી ક્યુપરે વિજયી ગોલ કર્યા હતા. આ હારનો અર્થ એ છે કે ગયા વર્ષે ચોથા ડિવિઝનની ટીમ ગ્રિમ્સબી દ્વારા આઉટ થયા પછી, યુનાઈટેડ સતત બીજી સીઝનમાં લીગ કપના શરૂઆતના તબક્કામાં જ બહાર ફેંકાઈ ગયું છે.

## લા લિગા : રાફિન્હાની હેટ્રિકથી બાર્સેલોનાની રેસિંગ સામે 7-2થી જીત

**લા લીગામાં** એટલેટિકો મેડ્રિડે ઓસાસુનાને, સેવિલાએ ડિપોર્ટિવોને હરાવ્યું, ભારે વરસાદથી લેવાન્ટે-બિલબાઓની મેચ સ્થગિત



મૅડ્રિડ, તા. 17 (એપી) : રાફિન્હાની શાનદાર હેટ્રિકના જોરે બાર્સેલોનાએ રેસિંગ સેન્ટેન્ડરને 7-2થી હરાવીને વધુ એક મોટી જીત મેળવી છે, જે તેની સીઝનની અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ શરૂઆત છે. કેટાલાન ક્લબે અગાઉ ક્યારેય સીઝનની શરૂઆતમાં સતત સાત મેચ જીતી ન હતી. તેણે લીગમાં સતત છ અને ચેમ્પિયન્સ લીગમાં એક મેચ જીતી છે. બાર્સેલોના તરફથી ગેબ્રિયલ જેસસ અને લેમિન યમાલે પણ ગોલ નોંધાવ્યા હતા. આ સીઝનમાં તમામ સ્પર્ધાઓમાં રમાયેલી સાતમાંથી પાંચ મેચોમાં બાર્સેલોનાએ ઓછામાં ઓછા પાંચ ગોલ કર્યા છે. લા લીગામાં પોતાની હેટ્રિક સાથે, રાફિન્હાએ છ મેચમાં પોતાના ગોલની સંખ્યા 9 પર પહોંચાડી દીધી છે, જે લીગમાં સૌથી વધુ છે. બ્રાઝિલના આ ફોરવર્ડે આ સીઝનમાં એક મેચ સિવાય બાકીની તમામ મેચોમાં ગોલ કર્યા છે. એટ્લેટિકો મેડ્રિડે જોનાથન ડેવિડ, લી કાંગ-ઈન, રોબિન લે નોરમેન્ડ અને એલેક્સ બેનાના ગોલની મદદથી મુલાકાતી ઓસાસુનાને 4-0થી હરાવ્યું હતું.

## હુથીઓના હુમલાઓને કારણે સાઉદીને ઈઝરાયેલના શરણે જવાની ફરજ પડશે



મધ્ય પૂર્વની ભૂરાજનીતિ ઝડપથી બદલાઈ રહી છે. ઈરાન યુદ્ધે ગલ્ફના મુસ્લિમ દેશોને ઈઝરાયલ સાથે સંબંધો ઉષ્માભર્યા બનાવવા માટે પ્રેરિત કર્યા છે. ઈઝરાયેલ એક એવો દેશ છે, જેને ગલ્ફના મોટા ભાગના દેશો હજુ પણ માન્યતા આપતા નથી. હુથી હુમલાઓ વચ્ચે પાકિસ્તાન અને તુર્કીએ સાઉદી અરેબિયાને મદદ કરવાનો ઇનકાર કર્યા પછી, મક્કા કરાર નકામા પુરવાર થયા છે, જેમાં સાઉદી, પાકિસ્તાન અને તુર્કીએ યુદ્ધની પરિસ્થિતિમાં એકબીજાને મદદ કરવાનું વચન આપ્યું હતું. સાઉદી અરેબિયા હવે ઈઝરાયેલ પાસેથી મદદ માંગી રહ્યું છે. પહેલી વાર, આરબ દેશો અમેરિકાના નેતૃત્વ હેઠળના ગઠબંધનમાં જોડાવાની ઇચ્છા વ્યક્ત કરી રહ્યા છે અને આ માળખામાં તેઓ ઈઝરાયેલ સાથે પણ સહયોગ કરવાનો ઇનકાર કરી રહ્યા નથી. અમેરિકા ઈઝરાયેલને મુસ્લિમ દેશો દ્વારા માન્યતા અપાવવા માટે અબ્રાહમ કરારની સ્થાપના કરવામાં આવી છે, પણ સાઉદી અરેબિયા તેમાં સામેલ થવા તૈયાર નહોતું. હુથીઓ દ્વારા સાઉદી અરેબિયા પર હુમલાઓ કરવામાં આવ્યા ત્યારે તેણે અમેરિકાની મદદ માગી હતી, પણ ડોનાલ્ડ ટ્રમ્પે મદદ કરવાનો ઇનકાર કરી દીધો હતો. હવે સાઉદી અરેબિયા હુથી સામે ઈઝરાયેલને શરણે ગયું છે.

સાઉદી અરેબિયાના ઈઝરાયેલ પર વિશ્વાસનું મુખ્ય કારણ સંયુક્ત આરબ અમીરાત (UAE) છે. જ્યારે ઈરાન યુદ્ધ ચાલી રહ્યું હતું અને ઈરાન સતત અબુ ધાબી પર મિસાઈલ અને ડ્રોનથી બોમ્બમારો કરી રહ્યું હતું ત્યારે ઈઝરાયેલ UAE ની મદદ માટે આવ્યું હતું. ઈઝરાયલે UAE માં તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ પણ તૈનાત કરી હતી. ગલ્ફમાં આને પુરાવા તરીકે જોવામાં આવે છે કે ઇઝરાયેલ મુશ્કેલ સમયમાં તેના સાથી દેશોની પડખે ઊભા રહેવા તૈયાર છે. હવે ગલ્ફના અન્ય દેશોએ પણ ઈઝરાયેલ દ્વારા યુએઈને સમાન રક્ષણાત્મક સહાય મળી શકે છે કે કેમ તે જોવા માટે જેરુસલેમનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે. ઇઝરાયેલે સાઉદી અરેબિયાને મદદ કરવાનું વચન આપ્યું છે, પરંતુ તેમાં ઘણી શરતો લાદી છે. તેમાંની પહેલી શરત એ હશે કે સાઉદી અરેબિયાએ અબ્રાહમ કરારમાં સહી કરવી પડશે. સાઉદી જો અબ્રાહમ કરારમાં સહી કરે તો તેણે પહેલાં ઈઝરાયેલને માન્યતા આપવી પડશે અને ડોનાલ્ડ ટ્રમ્પની યોજના સાકાર કરવી પડશે. હુથી બળવાખોરો સામે સાઉદી અરેબિયાએ પાકિસ્તાન પાસેથી જે લશ્કરી સહાયની આશા રાખી હતી તે હાલમાં સાકાર થતી દેખાતી નથી. પાકિસ્તાને યમનમાં લશ્કરી અભિયાનમાં સીધા ભાગ લેવાનો ઇનકાર કર્યો છે. સાઉદી અરેબિયાએ ઓગસ્ટમાં તુર્કી અને પાકિસ્તાન સાથે સંયુક્ત સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જે એક સભ્ય દેશ પરના હુમલાને બધા પર હુમલા તરીકે વ્યાખ્યાયિત કરે છે. આમ હોવા છતાં પાકિસ્તાને હુથીઓ સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે વિદેશી ધરતી પર લડાઇ કામગીરીમાં તેની સંડોવણીની મર્યાદા જાહેર કરી છે. ઈરાન સમર્થિત હુથીઓ યમનના મોટા ભાગ પર નિયંત્રણ ધરાવે છે અને લાલ સમુદ્ર અને બાબ અલ-મંડેબ ક્ષેત્રમાં તેમની પ્રવૃત્તિઓએ સાઉદી અરેબિયાની સુરક્ષા અને દરિયાઇ વેપાર પર દબાણ વધાર્યું છે. હુથીના વધતા જતા હુમલાઓ વચ્ચે સાઉદી અરેબિયા હવે ઇઝરાયેલ સાથે સંભવિત સુરક્ષા સહયોગ પર નજર રાખી રહ્યું છે. ખાસ વાત એ છે કે સાઉદી અરેબિયાએ હજુ સુધી ઇઝરાયેલને માન્યતા આપી નથી અને બંને દેશો વચ્ચે કોઈ ઔપચારિક રાજદ્વારી સંબંધો પણ સ્થાપિત થયા નથી. દરમિયાન, અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) એ ગયા અઠવાડિયે જર્મનીમાં એક ખાસ બેઠક બોલાવી હતી. ઈરાન સાથે યુદ્ધ શરૂ થયા પછી આ તેના પ્રકારની પહેલી બેઠક હતી, જેમાં અમેરિકા, ઇઝરાયેલ અને ઘણા આરબ દેશોના વરિષ્ઠ લશ્કરી કમાન્ડરોને ભેગા કરવામાં આવ્યા હતા. એક્સિઓસ અનુસાર, સહભાગીઓએ ઈરાન સાથેના યુદ્ધ અને પ્રદેશમાં વધતા તણાવ અંગે ચર્ચા કરી હતી. સેન્ટકોમ હુથીઓનો સામનો કરવામાં સાઉદી અરેબિયાને મદદ કરવા માટે ઇઝરાયેલ અને સાઉદી અરેબિયા વચ્ચે વાટાઘાટો

ટુંધ પોઇન્ટ

■ સંજય વોરા ■

આગળ વધારવા માટે પણ કામ કરી રહ્યું છે. તાજેતરનાં અઠવાડિયાંમાં સાઉદી અરેબિયાને હુથીઓ તરફથી ઘણાં આક્રમણોનો સામનો કરવો પડ્યો છે અને તે મોટા ભાગે અલગ પડી ગયું છે. પાકિસ્તાન અને તુર્કી સાથે તેણે જે સંરક્ષણ જોડાણ બનાવવાનો પ્રયાસ કર્યો હતો તે સાઉદીની નજરમાં અવિશ્વસનીય સાબિત થયું છે.

તાજેતરના મહિનાઓમાં સાઉદી અરેબિયાના જક્કી વલણ અને ઇઝરાયેલથી દૂર રહેવાને કારણે ઇઝરાયેલમાં નોંધપાત્ર નિરાશા જોવા મળી હતી, પરંતુ ઇઝરાયેલી અધિકારીઓ સાઉદી અરેબિયાની મુશ્કેલીઓનો લાભ લેવાની ઉતાવળમાં નથી. એક ઇઝરાયેલી અધિકારીએ જણાવ્યું હતું કે ઇઝરાયેલી અધિકારીઓ સાઉદી અધિકારીઓને તુર્કી અને પાકિસ્તાન પાસેથી મદદ લેવા કહેતા નથી. તેના બદલે ઇઝરાયેલ સાઉદી અરેબિયાને મદદ કરવા માંગે છે. ઇઝરાયેલી અધિકારીએ કહ્યું કે ઇઝરાયેલ આ કટોકટીને સાઉદી અરેબિયાને મુસ્લિમ બ્રધરહુડ સાથે જોડાયેલા જૂથથી દૂર કરવા અને તેને પ્રદેશના મધ્યમ દેશોની નજીક લાવવાની સંભવિત તક તરીકે જુએ છે. ઈઝરાયેલના અધિકારીઓ એ વાત પર પણ ભાર મૂકે છે કે સાઉદી અરેબિયાએ સંબંધો સુધારવા માટે કામ કરવું જોઈએ અને ઇઝરાયેલને આશા છે કે તેઓ તેમની નીતિઓ બદલશે.

સાઉદી અરેબિયાએ યુએસ સેન્ટ્રલ કમાન્ડને બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરવા અને હૂથીઓ સાથે વ્યવહાર કરવા માટે ગુપ્તચર સહાય પૂરી પાડવા અપીલ કરી છે. દરમિયાન, સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને અન્ય ગલ્ફ દેશો અને ઇજિપ્ત પાસેથી પણ સહયોગ માંગ્યો છે. અમેરિકા અને બ્રિટન પણ હુથીઓ સામે સીધા લશ્કરી હુમલા કરવાનું ટાળી રહ્યા છે અને ગુપ્તચર સહયોગ અને લશ્કરી સલાહ સુધી મર્યાદિત નીતિ અપનાવી રહ્યા છે. ગાઝા યુદ્ધ શરૂ થયું ત્યારથી હુથીઓએ લાલ સમુદ્રમાં ઇઝરાયેલનાં જહાજોને નિશાન બનાવ્યાં છે. હવે, સાઉદી અરેબિયા પણ હુમલા હેઠળ છે. સાઉદી ઇઝરાયેલ સાથે સહયોગ સાધવાના પડકારનો સામનો કરી રહ્યું છે.

ઇઝરાયેલ, અમેરિકા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, બહેરીન, કુવૈત, કતાર, જોર્ડન અને ઇજિપ્તના લશ્કરી નેતાઓ ગયા અઠવાડિયે ઇરાન સાથેના યુદ્ધ અને પ્રાદેશિક તણાવ અંગે ચર્ચા કરવા જર્મનીમાં મળ્યા હતા. આ બેઠક એક અલાયદું સ્કી રિસોર્ટમાં યોજાઈ હતી, જ્યાં યુએસ સેન્ટકોમ કમાન્ડર બ્રેડ કૂપરે ખાનગી બેઠકનું આયોજન કર્યું હતું અને સેન્ટકોમે તેની પુષ્ટિ કરી હતી. ફેબ્રુઆરીમાં અમેરિકા અને ઇઝરાયેલે ઇરાન વિરુદ્ધ સંયુક્ત કાર્યવાહી શરૂ કર્યા પછી આ પહેલી આવી બેઠક હતી. આ અધિકારીઓએ અગાઉ પણ આવી જ બેઠકો યોજી છે. આ બેઠક દરમિયાન IDF ચીફ ઓફ સ્ટાફ એયાલ ઝમીરે તેમના સમકક્ષોને વિવિધ મોરચે IDF કામગીરી વિશે માહિતી આપી હતી. યુએસ સેન્ટકોમના વડા જનરલ કૂપરે જણાવ્યું હતું કે ઇરાન દ્વારા યુએસ બેઝ પર હુમલાઓ છતાં, અમેરિકન સૈન્ય આ ક્ષેત્રમાંથી તેનાં દળોને પાછાં ખેંચશે નહીં. કૂપરે તેમને હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઇ ટ્રાફિક વધારવાની અમેરિકાની યોજનાઓ વિશે પણ માહિતી આપી, જે એક મહત્ત્વપૂર્ણ શિપિંગ માર્ગ છે, જે વિશ્વના ઊર્જા પુરવઠાનો એક ચતુર્થાંશ ભાગ વહન કરે છે. ઈરાને નાકાબંધી શરૂ કરી છે અને તેમાંથી પસાર થતાં જહાજો પર હુમલો કર્યો છે.

આ દરમિયાન, સાઉદી અરેબિયાએ ઇઝરાયેલ પાસેથી ગુપ્તચર મદદ માંગી છે. પરંતુ શું હુથી હુમલાઓ જ સાઉદી અરેબિયા દ્વારા ઇઝરાયેલની મદદની વિનંતીનું એકમાત્ર કારણ છે? હુથી હુમલાઓ ફક્ત એક બહાનું છે, જે સાઉદી અરેબિયાને ઇઝરાયેલના ખોળામાં બેસવા માટે મજબૂર કરે છે. ઈરાન યુદ્ધ બાદ ગલ્ફના દેશોની ચિંતાઓ વધુ ઘેરી બની છે. યુએઈ, સાઉદી અરેબિયા અને અન્ય દેશો હવે લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યા છે. એક સમયે વેપાર અને પર્યટનનાં વૈશ્વિક કેન્દ્રો રહેલા ગલ્ફના દેશો ઈરાન યુદ્ધથી એટલા પ્રભાવિત થયા છે કે તેઓ પોતાના ભવિષ્ય વિશે ચિંતિત છે. ઇઝરાયેલ સાથેની મિત્રતા હાલમાં ઔપચારિક ન હોઈ શકે, પરંતુ દુશ્મનાવટ જાળવી રાખવી સાઉદી અરેબિયા માટે મોંઘી સાબિત થઈ રહી છે. યુએઈ અને બહેરીન પહેલાથી જ આ માર્ગ પર છે. સાઉદી અરેબિયા પણ શાંતિથી એ જ દિશામાં આગળ વધી રહ્યું છે. આ સંયોગોમાં અબ્રાહમ કરારની યોજના સફળ બની રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ઇઝરાયેલે સાઉદી અરેબિયાને મદદ કરવાનું વચન આપ્યું છે, પરંતુ તેમાં ઘણી શરતો લાદી છે. પહેલી શરત એ હશે કે સાઉદી અરેબિયાએ અબ્રાહમ કરારમાં સહી કરવી પડશે**

## અનુસંધાન... પાના પહેલાનું

### ટાટા ટ્રસ્ટે SP...

તબક્કામાં બાયઆઉટ પ્રક્રિયા પૂર્ણ કરવાની યોજના છે. તેના માટે ટાટા સન્સને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) સમક્ષ સિલેક્ટિવ કેપિટલ-રિડક્શનની પ્રક્રિયા શરૂ કરવાની પણ જરૂર પડશે. હજુ સુધી કોઈ આખરી કરારની જાહેરાત કરવામાં આવી નથી.

### ભારત-ચીન પર...

સાઉથ કેરોલિનાના રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામના નામ પર આ બિલનું નામ રાખવામાં આવ્યું છે, જેમનું આ ખરડા માટે એક વર્ષથી વધુ સમય સુધી સમર્થન મેળવવાના પ્રયાસો કર્યા બાદ જુલાઈમાં અવસાન થયું હતું. આ ખરડો રશિયાના નેતૃત્વ અને ઉર્જા ક્ષેત્ર પર જ નહીં, પરંતુ રશિયાને તેલના પુરવઠા પરના પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરતા જહાજોના ભૂતિયા કાફલા પર પણ પ્રતિબંધો લાદવાનો પ્રયાસ કરે છે. તે ટ્રમ્પને ચીન, ભારત અને અન્ય દેશો પર રશિયન તેલ અને ગેસ પરની તેમની નિર્ભરતા ઘટાડવા માટે આકરા ટેરિફ લાદવાની સાથે ઈરાન પર વધારાના પ્રતિબંધો લાદવાની સત્તા આપવાનો પણ પ્રયાસ કરે છે. ખરડો પસાર થયા બાદ ડેમોક્રેટિક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે પત્રકારોને જણાવ્યું હતું કે, ચીન અને ભારત, તમે તમારું તેલ અને ગેસ કોઈ બીજી જગ્યાએથી ખરીદો તો જ સારું રહેશે. આ બિલ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની યુએસની સત્તાવાર મુલાકાતના થોડા દિવસો પહેલા જ પસાર થયું છે. સેનેટે ગયા મહિને 86-11ના ભારે બહુમતી સાથે બિલ પસાર કર્યું હતું, પરંતુ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં તેની ગતિ ધીમી પડી ગઈ હતી.

### સંબંધો પર...

પગલાથી બંને દેશોના સંબંધો અને વૈશ્વિક ઉર્જા બજાર પર અસર થઇ શકે છે. અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવે 'લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ 2026' પસાર કર્યો છે, જે ટ્રમ્પને રશિયા પર પ્રતિબંધો લાદવાની અને તેના મુખ્ય વેપારી ભાગીદાર દેશો પર ભારે ટેરિફ લાદવાની સત્તા આપે છે. પોતાની પ્રતિક્રિયામાં, ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારત તેની 1.4 અબજ વસ્તીની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્રઢપણે કટિબદ્ધ છે અને પોતાના વેપાર તથા આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે તમામ જરૂરી પગલાં લેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકી કોંગ્રેસમાં આ કાયદો પસાર થયા બાદ ભારતીય પક્ષ આ મામલે આગળના ઘટનાક્રમ પર નજર રાખી રહ્યો છે. ભારતની ઊર્જા સુરક્ષા જરૂરિયાતો માટે રશિયા એક મુખ્ય સ્ત્રોત રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત દ્વારા રશિયન કાચા તેલની ખરીદીમાં નોંધપાત્ર વધારો થયો છે. મંત્રાલયે કહ્યું, અગાઉ પણ આપેલા ઘણા નિવેદનો મુજબ, ભારત તેની 1.4 અબજ જનતા માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દ્રઢપણે બદ્ધ છે. "તે વિવિધ સ્ત્રોતો દ્વારા ખરીદી કરીને અને બજારની બદલાતી પરિસ્થિતિઓના આધારે આમ કરવાનું ચાલુ રાખશે," તેમ નિવેદનમાં જણાવાયું હતું. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે આ મુદ્દા અંગે તાજેતરના મહિનાઓમાં વિવિધ અમેરિકી મધ્યસ્થીઓ સાથે ઉચ્ચ સ્તરે ચર્ચા કરવામાં આવી

### નરેન્દ્ર મોદીના...

ઉજ્જૈનના રામઘાટ, દત્ત અખાડા, કેદારેશ્વર ઘાટ, સુનહરી ઘાટ, ભૂખી માતા ઘાટ અને મહાકાલ મહાલોક ખાતે આયોજિત આ દીપોત્સવમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન નબીન, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, પ્રદેશ પ્રમુખ હેમંત ખંડેલવાલ અને પ્રદેશ પ્રભારી મહેન્દ્ર સિંઘી સહિતના વરિષ્ઠ નેતાઓએ ભાગ લીધો હતો. દીપ પ્રગટાવ્યા બાદ નેતાઓ અને સ્વયંસેવકોએ ભવ્ય 'ક્ષિપ્રા આરતી'માં ભાગ લીધો હતો. આ ઉપરાંત ઉજ્જૈનના કાર્તિક મેળા મેદાન ખાતે સ્વયંસેવકોએ સળગતા દીવડાઓની મદદથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આકર્ષક ચિત્ર પણ બનાવ્યું હતું, જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

### ઉધમપુરમાં અથડામણમાં...

હવામાન, મુશ્કેલ ભૂપ્રદેશ અને નબળી દ્રશ્યતા હોવા છતાં, વ્હાઈટ નાઈટ કોર્પ્સ, પોલીસ અને CRPFના જવાનોએ લક્ષિત કાઉન્ટર-ટેરરિઝમ ઓપરેશન શરૂ કર્યું, જેના પરિણામે બે આતંકવાદીઓનો સફાયો થયો. ઓપરેશન હજુ પણ ચાલુ છે, અને વિસ્તારમાં સર્ચ તેમજ સર્વેલન્સ ચાલુ છે એમ વ્હાઈટ નાઈટ કોરે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ગયા સપ્તાહમાં જંગલ વિસ્તારમાં આતંકવાદી જૂથની હિલચાલ નજરે પડ્યા બાદ પોલીસ અને સુરક્ષા દળો તેમની શોધખોળ કરી રહ્યા હતા. તાજા ઈનપુટ્સ મળ્યા બાદ સુરક્ષા દળોએ બુધવારે રાત્રે લગભગ ૯ વાગ્યે એક ચોક્કસ વિસ્તારને ઘેરી લીધો હતો. ઓપરેશન શરૂ થયાના થોડા સમય બાદ ફાયરિંગ અને ધમાકાના અવાજો સંભળાયા હતા. સવારે આતંકવાદીઓએ ઘેરાબંધી તોડવાના પ્રયાસમાં ભારે ગોળીબાર કર્યો હતો. છેલ્લા અહેવાલો મળ્યા ત્યારે વધારાની ટુકડીઓને તે વિસ્તારમાં મોકલવામાં આવી હતી અને સર્ચ ઓપરેશન ચાલુ હતું. અથડામણના સ્થળેથી અમેરિકા નિર્મિત M4 કાર્બાઈન અને એક AK અસૉલ્ટ રાઈફલ, એક ગ્લોક પિસ્તોલ તથા આ ત્રણે શસ્ત્રોના મેગેઝિનો તથા ચાર ગ્રેનેડો મળી આવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે ઓવર-ગ્રાઉન્ડ વર્કર હોવાની શંકા પરથી એક સ્થાનિક યુવકની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી છે.

### ટાટા ગ્રુપમાં દાયકાનું...

૬૩ વર્ષીય ચંદ્રશેખરનનો વર્તમાન કાર્યકાળ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સ્ટોક-માર્કેટમાં લિસ્ટિંગ ટાળવાની હોલ્ડિંગ કંપનીની વિનંતીને ફગાવી દેવામાં આવ્યા બાદ, બોર્ડે વિશ્વસનીય 'ચંદ્રા' પર ભરોસો મૂક્યો હતો. ટ્રસ્ટે જણાવ્યું હતું કે નોએલ ટાટાએ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડનો એક કાનૂની અભિપ્રાય પણ રજૂ કર્યો હતો જે તેમના પક્ષનું સમર્થન કરતો હતો, પરંતુ "બોર્ડ દ્વારા તેની નોંધ લેવામાં આવી ન હતી".

### ટાટા સન્સના IPOનો...

નિર્દેશો અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે રિઝર્વ બેંકે અપર-લેયર NBFC ના નિયમો પાળવા કહ્યું છે, પરંતુ લિસ્ટિંગ જ એકમાત્ર રસ્તો છે એવું ક્યાંય નથી કહ્યું. આથી, IPO લાવતા પહેલા કંપનીએ પુનઃરચના (Restructuring), કાનૂની સલાહ અને RBI સમક્ષ પુનઃવિચારણા અરજી જેવા તમામ અન્ય વિકલ્પો ચકાસવા જોઈએ. ટાટા ટ્રસ્ટ્સ ટાટા સન્સમાં ૬૬% હિસ્સેદારી ધરાવે છે.

### મોદી ૭૬ વર્ષના...

શેર કર્યો હતો. નવી દિલ્હી સ્થિત રશિયન દૂતાવાસે ફેસબુક પર એક પોસ્ટમાં જણાવ્યું કે, રાષ્ટ્રપતિ પુતિને મોદીને "ઉષ્માભરી મુબારકબાદી" આપતો એક સંદેશ મોકલ્યો છે. ઇટાલીના વડાપ્રધાન મેલોનીએ પણ 'X' પર ઇટાલિયન ભાષામાં એક પોસ્ટ દ્વારા તેમના ભારતીય સમકક્ષને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા તેમને "મિત્ર" કહ્યા હતા અને કહ્યું હતું કે બંને દેશો તેમની દોસ્તીના ગાઢ સંબંધોને વધુ મજબૂત બનાવવાનું ચાલુ રાખી શકે છે. ઇઝરાયેલના વડાપ્રધાનના સત્તાવાર 'X' હેન્ડલ પરથી નેતન્યાહુનો મોદી માટેનો જન્મદિવસનો શુભેચ્છા સંદેશ પોસ્ટ કરવામાં આવ્યો હતો. તેમાં બંને નેતાઓ વચ્ચેની મુલાકાતનો એક જૂનો ફોટો પણ મુકવામાં આવ્યો હતો. જાપાન તથા ઓસ્ટ્રેલિયાના ભારત ખાતેના રાજદૂતોએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરમાં થયો હતો.











